

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'સ્ટોરી' માટે ચેનલો સંબંધો ચૂંથી નાખે છે,*
*હોય ન હવામાં કંઈ વાર્તા ગૂંથી નાખે છે*
*રૂંધી નાખે છે શ્વાસ, સમાચાર ભૂખે મિડિયા -*
*અવિશ્વાસ જન્માવી 'એકતા' જૂથી નાખે છે..*
*('બોગસ' - પિષ્ટપેષણ)*

હાઈકુ

*ડાહ્યા કાગની*
*'પ્રયોગશાળા' માં જ*
*થયો બ્લાસ્ટ..*

*વિના સૂકાને,*
*પીઠ નેતૃત્વ વિના -*
*ફંટાય ધ્યેય...*

### ચિંતન

**ભિષગમૈષજ્યાગારાદ્દા સ્વાદ વિશુદ્ધ મૌષધં**
**ગૃહીત્વા પાચક પાષકાભ્યા માત્મના ચ પ્રતિસ્વાદ્ય**
**રાજ્ઞે પ્રયચ્છેત । પાનં પાનીયં ચૌષધેન વ્યાખ્યામ્ ॥**

'કોઈ પણ ઔષધિ-દવા-ઓસડ તૈયાર કરતાં પહેલાં વૈદ્યે તો રાજાની સામે જ થોડીક જાતે પણ ચાખવી, થોડીક બનાવનારને અને થોડીક પીરસનારને પણ ચખાડવી, પછી જ તે ઔષધિ રાજાને આપવી રાજાને આપવામાં આવતાં પાણી અને મદિરામાં પણ આ જ રીતે પરીક્ષણ કરતવું જોઈએ.'

આજના યુગમાં જ વડાપ્રધાનશ્રી લાલબહાદુર શાસ્ત્રીનું રશિયામાં રાત્રે જમ્યા પછી આઘાતજનક મૃત્યુ થયું. સ્વામી દયાનંદ સરસ્વતીના રસોયાએ ખાવામાં ઝેર નાખ્યું હતું. રાજાની સામે સદાય રાજ ખટપટ હોય છે અને છાના દુશ્મનો કોઈ પણ દાવ ખેલતા હોય છે તેથી રાજા બાહુબલિ હોય તો સ્વરક્ષણ કરી શકે પણ દગાખોરીથી ખાવા-પીવાની બાબતમાં પણ વિશ્વાસુ માણસો દ્વારા ચકાસણી થવી જરુરી છે.

### સુવિચાર

- કોઈ પથ્થરને નમન કરતાં રહ્યાં, કોઈ ભીતરમાં ગમન કરતાં રહ્યાં - **જનકલ્યાણ**
- પૂજા કરું છું, જીવતા ઈન્સાનની દેવળ દરગાહ કે મંદિરની ઈચ્છા નથી - **ચંદ્રેશ મકવાણા**
- પ્રાર્થના કરતી વખતે હૃદય વગરના શબ્દો હોય,
  એના કરતાં શબ્દો વગરનું હૃદય હોય તો વધું સારું - **મધર ટેરેસા**
- માનવી સતત જાગતો અને વિકસતો રહે એટલા માટે પ્રકૃતિએ
  પરીક્ષાનો સનાતન નિયમ ગોઠવેલો છે - **ઈશ્વર પેટલીકર**
- તક ગુમાવ્યાનો અફસોસ ન કરવો... આસપાસમાં બીજી તક રાહ જોતી હોય છે,
  એ મુશ્કેલીના રૂમમાં છુપાયેલી હોય હોઈ શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની ફરજ ઉત્તમ રીતે અદા કરનારને ભાગ્યે જ સંસાર વિશે
  ફરિયાદ કરવાનું મન થતું હશે - **મોરારિ બાપુ** (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

નરસિંહ મહેતાને ભાભીએ ટોણો માર્યો ને ભગવાનનો સાક્ષાત્કાર થયો. ભક્ત ધ્રુવને પણ અપર માતાના શબ્દોએ પ્રોત્સાહન આપ્યું.

ઘણીવાર આવી ટીકા-ટિપ્પણ માણસને હકારાત્મક પ્રેરણાનું બળ બની ઉત્સાહિત કરે છે.

વિલ્સન નામના જમીનદારના બંગલામાં પૈટસી, નોકરાણી સફાઈનું કામ કરતી-તેની સાથે ૬-૭ વર્ષની તેની પુત્રી મેરી પણ નાનું-મોટું મદદરુપ કામ કરતી, સાથે જતી.

બંગલાની લેખનટેબલ પર એક સોનેરી પૂંઠાવાળું દળદાર પુસ્તક પડેલું હતું. નાની મેરી ને એ આકર્ષક લાગ્યું. હજું તો એ એને હાથમાં લઈ જોવા જ જતી હતી ત્યાં માલિકણ બાઈ જોઈ ગઈ અને બોલી : રહેવા દે ! એને અડકતી નહીં - તને તો કાળા અક્ષર ભેંસ બરાબર, વાંચતા કયાં આવડે છે?

મેરી ને આ શબ્દોથી આઘાત લાગ્યો સ્કૂલ જવાનું શરું કર્યું. ખંતપૂર્વક ભણી ઉચ્ચ શિક્ષણ લીધું અને મેરી જીન તરીકે એક પ્રખ્યાત સમાજ સેવિકા બની...

# સરકારની લોકપ્રિયતાનો લિટમસ ટેસ્ટ?

## તંત્રીસ્થાનેથી....

રક્ષાબંધન બહેનોનો તહેવાર છે. સ્વાભાવિક છે કે રાજયનાં મહિલા મુખ્યમંત્રી એને ઉમળકાપૂર્વક ઊજવવાનું જ પસંદ કરે. ગયા વર્ષે એમણે હજારોની સંખ્યામાં રાખડીઓ મોકલાવીને ગુજરાતના રાજકીય કાર્તકર્તાઓ, પત્રકારો તથા તંત્રવાહકોની શુભેચ્છા મેળવી હતી. આ વર્ષે એથી પણ સવાયા ઉત્સાહપૂર્વક રક્ષાબંધન પર્વની ઉજવણી થઈ શકી હોત. એમને પાટીદારો જ નડ્યા! હાર્દિક નામનો રાહુ અને લાલજી નામનો કેતુ ગોચરમાં ભ્રમણ કરતા કરતા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ પર આવી ગયા. રાજયોગ લઈને જન્મેલલાં શિક્ષિકા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ માટે આ વખતની બળેવ એક દુ:ખદ સંભારણું બની રહેશે. એમણે પાટીદાર આંદોલનના પગલે વ્યથિત થઈ રક્ષાબંધનની ઉજવણી મોકૂફ રાખીને ગુજરાતી 'ભાઈઓને' અને સવિશેષ તો પોતે જે સમાજનું પ્રતિનિધિત્વ કરે છે તે પાટીદાર બંધુઓને યાદ રહી જાય એવો સંદેશો પાઠવવાની કોશિશ કરી છે. એમણે સંગઠન સાથેને બેઠકમાં વ્યક્ત કરેલી ચિંતા સકારણ છે. બાવીસ વર્ષનો એક નાદાન છોકરો પાટીદાર સમાજ જેવા ભણેલા-ગણેલા પ્રગતીશીલ સમુદાયને ધારી દિશામાં ફંગોળી શક્યો તે માત્ર પાટીદાર મુખ્યમંત્રી માટે જ નહીં, બલકે ગુજરાતની રગ પારખનાર વરિષ્ઠ અને પ્રબુદ્ધ તજજ્ઞો માટે પણ એક કોયડો જ બની રહેલ છે, ભારતીય જનતા પાર્ટી ગુજરાતના ખૂણે ખૂણે જડબેસલાક નેટવર્ક ધરાવતું રાજકીય સંગઠન હોઈ પાટીદાર આંદોલનથી એને ડરી કે ડઘાઈ જવાની જરુર ન હોય. પરંતુ વાસ્તવિક સ્થિતિ એથી વિપરીત છે. કદાચ એટલે જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રક્ષાબંધનના બહાને ગુજરાતની મુલાકાતે આવ્યા હશે. ભાજપના કોઈ પણ નેતામાં પાટીદાર આંદોલનનો ખુલ્લા શબ્દોમાં વખોડવાની તાકાત નથી, તે પુરવાર થઈ ચૂક્યું છે. એક માત્ર આનંદીબેન પટેલે અનામત આપવાનું શક્ય જ નથી, એવું ખોંખારી ને કહેવાની હિંમત કરી હતી. ઑબીસીમાં સમાવેશ કરવાની પાટીદાર સમાજની માગણી વાહિયાત છે, એવો અભિપ્રાય આપવા નથી તો સત્તાધારી પાર્ટીના કોઈ પ્રવક્તા આગળ આવ્યા કે નથી વિપક્ષના નેતાઓ પૈકી કોઈએ આ મુદ્દે રજૂતા કરી. ઉભય પક્ષે પાટીદાર સમાજને સારું લગાડવાના જ પ્રયાસો થતાં રહ્યા, પરિણામે આંદોલનને લગભગ છૂટો દોર મળી ગયો એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. સરકારના અધિકૃત પ્રવક્તા મંત્રી નીતિનભાઈએ એમના નિવેદનોમાં વિપક્ષને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કર્યો એથી સ્વાભાવિક રીતે જ વિપક્ષ ઉશ્કેરાયો છે. પાટીદાર અનામત આંદોલન રાજકીય દિશા પકડી ન લે તેની ચિંતા રહે તે પણ સ્વાભાવિક છે. હાર્દિક પટેલ કોઈનો હાથો બની ગયો હોવાની દહેશત સેવી રહેલાં આનંદીબેન પટેલે એ મુદ્દે એમના મંત્રીઓ અને સંગઠનના અગ્રણીઓને સાબદા રહી પ્રજા વચ્ચે પહોંચી જવાનો આદેશ કર્યો છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પર આ આંદોલનની સીધી અસર થવાની શક્યતા છે. જો કે ભાજપનું સંગઠન ઘણું મજબૂત છે, અને આંદોલનની અસરથી એને મહાનગરપાલિકાનાં પરિણામોમાં ઝાઝો ફરક પડે એમ લાગતું નથી. એની નિર્ધારિત તારીખો દરમિયાન જ મહાનગરપાલિકાની ચૂંટણી સંપન્ન કરવા ભાજપનું પ્રદેશ સંગઠન સંકલ્પબદ્ધ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ભાજપ માટે અને ભાજપની રાજય સરકાર માટે ખૂબ અગત્યની હોઈ હજી ઘણી ઊંડી ભાજપની રાજય સરકાર માટે ખૂબ અગત્યની હોઈ હજી ઘણી ઊંડી ચકાસણી કરાશે. જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં આંદોલનની વિપરીત અસર પડવાની સંભાવના લાગશે તો સરકાર કોઈ ને કોઈ બહાના હેઠળ એ ચૂંટણીઓ પાછી ઠેલવાનું જ પસંદ કરશે. પાટીદાર આંદોલન પછી થનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આનંદીબેન પટેલની લોકપ્રિયતાનો લિટમસ ટેસ્ટ બની રહે એવી શક્યતા છે.

# ૨૫.૦૮.૨૦૧૫ : અણસમજ, આવેગ અને અરાજકતા...!!!



## રઝળપાટ

અજય ઉપાધ્યાય

'પપ્પા, કર્ફ્યું એટલે?'.... 'મમ્મી, આ લોકો કેમ સળગાવે છે બધું?'... 'હું કાલે સ્કુલે શેમાં જઈશ, આપણું સ્ટેન્ડ ને બસ તો સળગાવી નાખી ... આ પોલીસ કેમ બધાને મારે છે? '...૨૫મીની રાતથી પુછાતા આવા સરળ સવાલોના જવાબ આપવામાં ભલભલા માંબાપોને પરસેવો વળી ગયો. ખાલી માંબાપો જ નહિ પણ લગભગ ૨૪ કલાક સુધી ગુજરાતની સરકારથી લઈને જનતાની કપાળે ચિંતાની થોકબંધ લકીરો ઉપસી આવી. ૨૨-૩૦ વર્ષના લોકોએ તો ગુજરાતમાં ભૂતકાળમાં થયેલા ખુવારીબંધ તોફાનોની વાત જ સાંભળેલી, એ ખરેખર કેવા હોય? એની તો ખબર જ નહોતી, એ બધી જ પેઢીએ ૨૫મીની રાતથી ૨૬મીની સાંજ સુધી ગુજરાતને ભડકે બળતું જોયું. ગતિશીલ ગુજરાતની ગતિના પૈડા થંભી ગયા. જે ગુજરાત અને ગુજરાતીઓ એમની શાંતિ, શિસ્ત અને સોહાર્દ માટે દુનિયાભરમાં પ્રખ્યાત હતા એમની પ્રખ્યાતી પર કાળો દાગ લાગી ગયો. એક એવો દાગ જે આવનારા ઘણા સમય સુધી ભુસાઈ એવી કોઈ શક્યતા નથી.

એમ કહેવાય છે કે જેના નેતા કે આગેવાનમાં દીર્ઘદ્રષ્ટિ અને પરીશ્થીતી મુજબ વર્તવાની આવડત નાં હોય એ લડત કે સંસ્થામાં જોડાયેલા લોકો દિશાહીન બની જાય છે. ૨૫મી સવારથી એ જ બનતું આવ્યું. શરૂઆતથી સરકાર, ૨૫મીએ આંદોલનકારી અને ૨૫મીએ રાત્રે તથા એ પછીના તોફાનોમાં પોલીસ આ ત્રણેય સુજબુજ વગરની દોરવણીના અભાવે દિશાહીન અને નિરંકુશ થઇ ગયા અને પરિણામે ગુજરાતના વિકાસના સોનેરી પૃષ્ઠો પર તોફાનોની કાલિખ ફરી વળી. આ જ જગ્યાએ ગયા રવિવારના લેખમાં જ લખેલું કે આ જવાળામુખી ક્યાં સુધી શાંત રહેશે? અને થયું પણ એવું જ. કેમ થયું? અને શું થયું થી લઈને કોણે કર્યું એની તપાસો અને અહેવાલો તો આવતા આવશે પણ એક વાત ચોક્કસ છે કે વ્યાજબી માંગ સાથે સાચી દિશામાં જઈ રહેલા એક સ્વયંભુ આંદોલનને તોફાનોથી ફટકો પડ્યો છે.

અનામતની માંગના ટેકા સાથે અને એકતાની શક્તિ થકી જીએમડીસી ગ્રાઉન્ડમાં એકઠા થયેલા લાખો પાટીદારની શક્તિનો સરકારને એક મજબુત મેસેજ આપવામાં ઉપયોગ કરવાને બદલે અનશન અને મુખ્યમંત્રીની ગરિમા જોખમાઈ એવા બાલીશ નિર્ણયો સ્ટેજ પરથી રજુ કરવામાં ક્યાંકને ક્યાંક રાજકીય મહત્વાકાંક્ષા દેખાઈ આવી. સરકાર ઓલ રેડી પહેલેથી જ બેકફૂટમાં હતી એને સંગઠનની આવડી વિશાળ તાકાતથી વધુ નરમ બનાવવાને બદલે સરકાર સામે બાયો ચડાવવા જેવો સિનારિયો ઉભો થયો. સ્ટેજ પર હાજર રહેલાઓને પણ ખબર નહોતી એવા નિર્ણયો જાહેર થયા અને સરવાળે એક સ્વયંભુ આંદોલન મુઠ્ઠીભર લોકોની મુનસફી મુજબ ચાલતું હોય એવું લાગ્યું. સભામાં હાજર ઘણા બધાને માટે આ આશ્ચર્યકારક હતું. કોકડું વધુ ગુચવાતું જતું હતું અને સાથે સાથે વધતો જતો હતો ઉન્માદ, આક્રોશ. અગાઉ પણ લખેલું અને હજી પણ દોહરાવું છું કે સરકાર સામે અને સાથે બેસ્યા વગર આનો ઉકેલ નહી આવે એવા સમયે હજુ પણ લડતના નેતાઓ દ્વારા અન્ત્યાધિક અને શાશન વિરુદ્ધ થતી ટીપ્પણીઓ ઉકેલમાં વિલંબ લાવી શકે છે.

અને પછી ૨૫મીની રાત્રે જીએમડીસી ગ્રાઉન્ડમાં જે પણ થયું એણે પોલીસ અને સરવાળે સરકારની નિયત પર અનેક સવાલો ઉભા કર્યા. સરકારની એક દલીલ એમ માની લઈએ કે એમને ખબર જ નહોતી તો પણ શાંત રીતે બેઠેલા લોકો પર દમન ગુજારવું ક્યાંનો ન્યાય છે? માન્યું કે કાયદો વ્યવસ્થા જાળવવાનું પોલીસનું કામ છે અને આખા આંદોલન દરમ્યાન છેલ્લા દોઢેક મહિનાથી પોલીસ એ કામ શાંતિ અને સયમથી નિભાવી રહી હતી અને પાટીદારોએ પણ અનેક રેલીઓ શાંતિથી કાઢેલી જ તો અચાનક શું થયું? ગ્રાઉન્ડના બનાવ પછી અચાનક ફાટી નીકળેલા તોફાનોમાં પણ પોલીસ દમન ક્રૂરતાની હદ વટાવી ગયું. શા માટે? કેમ? કોના કહેવાથી? ઈવન હવે આ જ સવાલ હાઈકોર્ટ પણ પૂછી રહી છે.આજે બધું શાંત થઇ ગયા પછી પણ જેમ તોફાનોમાં સરકારી કે ખાનગી માલમિલકતોને પહોચાડાયેલા નુકશાનોમાં કોણ હતું એની તપાસ થશે એમ જ પોલીસોએ આચરેલા અમાનુષી દમનની પણ સમ્પૂર્ણ તપાસ થવી ઘટે જ.

અનુસંધાન પાના નં. ૭ પર

# વાનરો અને માનવ વચ્ચે સંઘર્ષ



## વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

પ્રાણી સૃષ્ટિમાં અગ્રિમ કુળ (પ્રાઈમેટ્સ) એટલે કે 'અંઘૂઠા ધારી' પ્રાણીઓમાં ચિપાન્ઝી, ઉરાંગ-ઉટાંગ, વાંદરા, માંકડા જેવા પ્રાણીઓનો સમાવેશ થાય છે જે માનવોના સહુથી નજીકના કુળના અને પૂર્વજો પણ ગણીએ છીએ.

આજે સમગ્ર દેશના લગભગ બધા જ વિસ્તારોમાં વાનરો એટલે કે હનુમાન વાંદરા અને માંકડાઓ તથા માનવો વચ્ચે સંઘર્ષના અસંખ્ય કિસ્સાઓ રોજબરોજ સાંભળવા મળી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં એક વાંદરાએ વકીલને લાફો માર્યો તેનો કેસ કોર્ટમાં ઘણાં વર્ષો સુધી ચાલ્યો. હાલમાં અન્ય એક જગ્યાએ એક મહિલાની સોનાની ચેઈન ખેંચી જવાની પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી. ફક્ત મહિલાઓને હેરાન કરવી, વાહનો પાડી નાંખવા, હુમલા કરીને ઈજા પહોંચાડવી જેવા કિસ્સાઓ આપણે અવારનવાર સાંભળીએ છીએ.

આવું કેમ થાય છે? તેનો વિચાર કરીએ તો જાણવા મળશે કે ખરેખર તો વાનરો તેમના કુદરતી પર્યાવાસમાં રહેતાં બિનઉપદ્રવી શાંત જીવો હતાં. પરંતુ માનવો દ્વારા તેમના વાસ સ્થાનો જંગલોનો મોટા પ્રમાણમાં નાશ કરવામાં આવતાં હાલના સમયમાં તેમનાં વાસ સ્થાનો એવા જંગલો ખોરાક અને પાણીની અછત સર્જાવા પામી છે. આવી વિકટ સ્થિતિમાં વાનરોએ તેમના નબળા પડેલા વિસ્તારોમાંથી અસ્તિત્વ ટકાવી રાખવા માટે વન વિસ્તારોની નજીકના ગામડાઓ અને શહેરો તરફ આશરો મેળવવાની ફરજ પડી છે.

વાનરો પ્રત્યેની હનુમાનજીના પ્રતિકરુપેની ધાર્મિક લાગણી અને જીવદયાના ભાગરુપે માનવો દ્વારા વારનોને રોટલી, બિસ્કીટ, કેળા, ચણા જેવા ખાદ્ય પદાર્થો આપવામાં આવે છે. ખેતવિસ્તારો કે ફળવાડીઓમાં થતાં ફળ, ફૂલ, પર્ણો તેમનો મુખ્ય કોરાક બનવા ઉપરાંત વિકલરુપે નવા ખોરાકની તેઓને આદત પડી જવા પામેલ છે. પરિણામ સ્વરુપે વાનરો માનવ વસાહતોમાં કે નજીકમાં રહેવા માટે ટેવાઈ ગયા છે.



હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, તેલંગાણા અને દેશના વિવિધ રાજય દ્વારા વાનરો અને માનવ વચ્ચેના સંઘર્ષમાં નિવારણ માટે પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. આપણે ત્યાં કેટલાક લોકો વાંદરાઓને ભગાડવા માટે તેલના ડબ્બા કે થાળી ખખઢાવીને અવાજ કરીને ફટાકડા ફોડીને ભગાડવાનો પ્રયત્ન કરે છે. દિલ્હીના સંસદભવન વિસ્તારમાં ઉપદ્રવકર્તા વાંદરાઓને ભગાડવા માટે બીજો એક તાલીમબદ્ધ વાંદરો ભાડે રાખવામાં આવ્યો હતો. માણસોને વાંદરાના કપડાં પહેરાવીને ભગાડવા માટે પણ પ્રયાસ હાથ ધરાયો હતો. વન અને પર્યાવરણ વિભાગને વન્યજીવ (સંરક્ષણ) ધારા ૧૯૭૨ નું ઉલ્લંઘન થતું હોવાની ફરિયાદ મળતાં આવા પ્રયાસો બંધ કરવા પડ્યાં હતા. આ ઘટનાઓ દરમિયાન વાનરોને કારણે દિલ્હીના ડેપ્યુટી મેયરનું અકસ્માતે મૃત્યુ થયાંનું પણ નોંધાયું હતું.

હિમાચલ પ્રદેશ રાજયમાં વર્ષ ૨૦૦૭ દરમિયાન 'ભુરાયતા ખેતી બચાવો આંદોલન' હેઠળ માંકડાઓને બંધૂકની ગોળી મારીને મારી નાંખવા માટે ખાસ નિશાનેબાજો નિયુક્ત કરવામાં આવ્યાં હતા અને વાનરોની અતિ સમસ્યાવાળા ૨૦૦ ગામડાઓમાંથી ૪૮૦ જેટલા માંકડાને ગોળી મારીને મારી નાંખવામં આવ્યા હતા. આ પદ્ધતિ ઓછી ખર્ચાળ, ઝડપી અને અસરકારક મનાતી હતી. જે પ્રારંભમાં બે-ત્રણ વર્ષ પુરતી ઉપયોગી બની હતી. પરંતુ બે વર્ષ બાદ તે જ વિસ્તારમાં અન્ય વિસ્તારોમાંથી બીજી વાનરોની ટોળીઓ આવીને વસવાદ કરવાનું શરુ કરી દીધું હતું. ઉપરાંત સ્થાનિક લોકોની વાનરોને ક્રૂરતાપૂર્વક માંરી નાખવાની આ પદ્ધતિ પસંદ પડી નહોતી, લાગણી દુભાઈ હતી.

ત્યારબાદ હિમાચલ રાજય દ્વારા માંકડાઓનું વંધ્યત્વ ઓપરેશન કરી દેવાની પદ્ધતિ હાથ ધરાઈ હતી. વર્ષ ૨૦૦૭માં આ માટે રાજયમાં ૮ કેન્દ્રો સ્થપાયા હતા. જે ઉપદ્રવી માંકડાઓને ખોરાક મુકીને પકડતાં, નશબંધી કરીને બે-ત્રણ દિવસ રાખીને છોડી મુકતાં. આ પદ્ધતિ પ્રમાણે પ્રત્યેક કેન્દ્ર દ્વારા દિવસના ૪૫ વાનરોના હિસાબે પ્રતિવર્ષ ૫૪,૦૦૦ વાનરો અને ૮ વર્ષમાં ૪,૩૦,૦૦૦ જેટલા વાનરોની નશબંધી થવી જોઈતી હતી તેના બદલે ફક્ત ૯૬, ૫૦૦ વાનરોની જ નશબંધી થઈ શકી હતી. નસબંધી થયેલા વાનરોની દ્વારા જીવે ત્યાં સુધી હેરાનગતિ તો ચાલુ જ રહેતી હતી. ઉપરાંત તેમને ઓળખવા માટે ડાય (રંગ) લગાવાતો તે વાળ ખરી જતાં નાબૂદ થઈ જવાથી તે ફરીથી નશબંધી માટે પકડાઈ જતાં તેની વ્યર્થ મહેનત થતી. કેટલાક માંકડા ખોરાક મુકેલા પાંજરામાંથી ખોરાક ચોરી જતાં પણ પકડાતાં ન હતા, આમ, આ કાર્ય પણ કઠીન બની જતું હતું.

વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા, દહેરાદૂન દ્વારા વાનરોને નપુંસક બનાવી દે તેવી દવા ખોરાકમાં અપાય તેવી પદ્ધતિ સુચવાયેલ છે. તેના પ્રયોગો ચાલુ છે. વાનરાને અલ્ટ્રાસોનિક કિરણો છોડતી ગનથી ગભરાવીને ભગાડવાનો પ્રયોગ પણ હાથ ધરાયો છે. જેમાં અલ્ટ્રા સોનિક તરંગ લંબાઈને કારણે મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ જામ થવાનું પણ ધ્યાને આવેલ છે.

વાંદરાઓ માટે ખાસ 'વનવાટિકાઓ' બનાવીને ત્યાં ખોરાક, પાણી અને આશરો મળી રહે તેવા પ્રયત્નો પણ હાથ ધરાયા છે. તેલંગાણા રાજય દ્વારા વાનરોને ધ્યાનમાં રાખીને વિશેષ વૃક્ષારોપણ કાર્યો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડ રાજય દ્વારા પણ વંધ્ય બનાવવાના પ્રયાસો ઉપરાંત પ્રવાસન અને ધાર્મિક સ્થળોએ વાનરોને ખોરાક નાંખવાના કૃત્યને ગુનો જાહેર કરીને ૨૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

એક નિષ્ણાંત પ્રાઈમેટોલોજીસ્ટના મત પ્રમાણે વાનરોને માનવો દ્વારા ખોરાક નાખવાની ક્રિયાને વાનરો માનવોને શરણાગતિ સ્વીકારેલ માને છે. તે માનવોને તેમનાથી નીચા સમજે છે. વાનરોમાં પ્રભુત્વ ઊભું કરવાની આદત હોય છે. પરિણામે કોઈ માનવ ખોરાક ન આપે કે મારવા જાય તો ખાસ કરીને નર આલ્ફા નર સામે હુમલો કરે છે.

માનવો અને વાનરો વચ્ચે નાના પાયે એક અસ્તિત્વની લડાઈ ચાલી રહી છે. એકબીજા પર પ્રભુત્વ જમાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમાં વાંક તો આપણી માનવ જાતનો જ છે. કેમ કે આપણે વાનરોના વિસ્તારો નષ્ટ કર્યા છે તેમને બેઘર કર્યા છે.

# સમય એ જ સત્ય છે, શાશ્વત છે



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આજ સુધી આપણે એવું શીખતા અને માનતા આવ્યા છીએ કે સૌથી વધુ કિંમતી ધન છે. પરંતુ એનાથી પણ કિંમતી સમય છે. આ સમયને જેઓ ઓળખી ગયા છે તેઓ એ પોતાની લાઈફનો સમય બદલી નાખ્યો છે. એ હકીકત આપણે સૌ જાણીએ છીએ. આજે સમય બદલાઈ રહ્યો છે. આજે સમયની ગતિ પહેલા કરતા ઘણી જ તેજ છે. જયારે આપણો માનસિક વિકાસ આ ગતિને સંભાળી શકતો નથી. છેલ્લા ઘણા વર્ષોથી આપણે જોઈએ છીએ કે જેઓએ પોતાની જાતને સમય પ્રમાણે બદલી છે તેઓ આગળ ગતિ કરી શક્યા છે. આપણી સૌથી મોટી સમસ્યા એ છે કે આપણે બહારથી તો આપણને બદલીએ છીએ. પરંતુ આપણા આચાર, વિચાર અને વ્યવહારને નથી બદલી શકતા. પરિણામે ઘણી વખત દુ:ખી થવું પડે છે. જો આપણે સમયની ગતિની સાથે આપણો સ્વભાવ નહી બદલીએ તો આપણી જિંદગી એવી જ હશે જે પાંચ દસ વર્ષ પહેલા હતી. હા જો આપણને લાગે કે પાંચ દસ વર્ષ પહેલાની આપણી જિંદગી બરાબર હતી, તો અત્યારની જિંદગી પણ ઠીક છે. એક વાત એ પણ છે સમય ક્યારેય કોઈને વારંવાર બદલાવવા માટે તક નથી આપતો. બધુમાં વધુ.. એકાદ બે વાર, એ સમય ગયો તો બધુ જ ગયું. અને પછી એ સમય ક્યારેય પાછો નથી આવતો. ધન આપણે ગુમાવી દઈએ તો ફરીથી કમાઈ શકાય છે કદાચ ઈજ્જત પણ ગીુમાવીને ફરીથી મેળવી શકાય છે પરંતુ સમય ગયો તે ગયો, એ કોઈપણ કિંમતે પાછો લાવી શકાતો નથી. અને આ માટે જ આજના સમયમાં સારી લાઈફ જીવવા માટે સમયને ઓળખવો ખુબ જ જરૂરી છે. ઈશ્વરે દરેકેદરેક વ્યક્તિને જન્મતાવેંત એક સમયનો દાયરો આપ્યો છે. અને એ સમયના દાયરામાં નિર્મિત જે કાર્યો આપણને સોંપવામાં આવ્યા છે અથવા જે કાર્યો આપણાથી થઈ શકે તેમ હોય તે આપણે નિષ્ઠાપૂર્વક કરવા જોઈએ. પરંતુ આજે આપણે બધુ ને વધુ મેળવવાની લ્હાયમાં સમયના દાયરામાંથી બહાર નીકળીને ઘણુ બધુ ગુમાવતા જઈએ છીએ.

બ્રહ્માંડ આખું એક નિશ્ચિત સમયના લયમાં ધબકે છે. એમાંય ક્ષણોની માત્રા નિશ્ચિત છે. સૂર્ય ચન્દ્ર ગ્રહો અને પૃથ્વીની ગતિ બધુ જ નિશ્ચિત સમય પર ચાલે છે તેવી જ રીતે મનુષ્ય તરીકે આપણો જન્મ થતા જ આપણો સમય પણ નિશ્ચિત કરી દેવામાં આવતો હોય છે, આપણા શ્વાસ, આપણું ભાવિ, આપણું જીવન મૃત્યુ બધુ જ નિશ્ચિત કરી દેવામાં આવે છે. આપણે તો માત્ર કર્મ કરવાનું હોય છે. પરંતુ આપણે આ સમયના ક્રમને અવગણીને તોડીને, મરોડીને કંઈક વધુ મેળવવા ઈચ્છીએ છીએ અને પરિણામે ઘણુબધુ ગુમાવીએ પણ છીએ. આને કારણે આપણા જીવનમાં આપણને સમયાંતરે થતા નુકશાનની ભરપાઈ ક્યારેય કરી શકતા નથી.

એક વાત એ પણ સાચી છે કે દરેક વ્યક્તિનો સમય એક સરખો નથી હોતો. એક જ સમયમાં બે વ્યક્તિઓનો સમય પણ જુદો જુદો હોય છે. અને દરેક વ્યક્તિનો નિશ્ચિત થયેલો સમય ત્યારે જ બદલાતો હોય છે જયારે એ સમયના પ્રવાહમાં ચાલે છે લયમાં ચાલે છે. આપણા ઈતિહાસમાં એવા ઘણા દાખલાઓ છે કે એક સમયે ટોચ પર હોય અને બીજી જ ક્ષણે તળિયે, અથવા એક સમયે કાંઈ ના હોય સાવ સામાન્ય માણસ હોય અને સમયના લયમાં ચાલીને એ છેક ટોચ સુધી પહોંચે. .. શ્રી નરેન્દ્ર મોદી, સચિન તેંડુલકર, અબ્દુલ કલામ, ધીરુભાઇ અંબાણી, ચાર્લી ચેપ્લીન, હિટલર, અમિતાભ બચ્ચન..આ બધાય એના ઉદાહરણો છે. .સમય એટલો તાકાતવર છે કે એ આખો ઈતિહાસ બદલી શકે છે. અને આ ઈતિહાસ બદલવા માટે આખું જનમાનસ એક વિચારના લયમાં નિશ્ચિત થવું જોઈએ. આ કાર્ય સમય કરી શકે છે. વળી સમયની સાથે દરેક વ્યક્તિના માન સન્માન પણ બદલાતા રહે છે. જો સમયને ઓળખવામાં થાપ ખાધી તો સમય આપણને ક્યાંય ફેંકી પણ દે છે.

આજનો યુગ પ્રત્યેક ક્ષણે બદલાઈ રહ્યો છે. ઈન્ટરનેટ, વોટ્સઅપ અને ફેસબૂકની દુનિયાએ આખા દેશની વિચારધારાઓને, પરંપરાઓને બદલી નાખી છે. અને થોડા વર્ષોમાં સંસ્કારધારાને પણ બદલશે. જેના કારણે કેટલાય નિશ્ચિત થયેલા સામાજિક ધારાધોરણો, માપદંડો તૂટશે. આખી ભારતીય સંસ્કૃત્તિના અસ્તિત્વનો સવાલ ભો થશે ત્યારે આ બદલાતા સમયને પણ બદલવા માટે કોઈકે તો આગળ આવવું જ પડશે. આ ભૂમિકા આવતી નવી પેઢીની છે, જેઓના હાથમાં જન્મથી જ મોબાઈલ છે તેઓ આ સમય બદલી શકશે. કેમ કે તેઓને માટે મોબાઈલ, નેટ કે અન્ય સુવિધા એ મોજશોખ માટે નહી પણ વિકાસ માટે હશે. આ સમય હવે ખુબ નજીક આવી રહ્યો છે. અત્યારે આખો યુગ સ્પર્ધાનો છે. હું તો દરેક જગ્યાએ કહું છું કે આજના યુગમાં સેકન્ડ નંબરની કોઈ વેલ્યું નથી. અને સ્પર્ધામાં એક હજારથી લાખ, દસ લાખ કે કરોડ પણ હશે. જો નિશ્ચિત થયેલા લયમાં નહી આવીએ તો કોઈ ભવિષ્ય નથી. આ સમય સ્પર્ધા, સંઘર્ષ અને શક્તિનો છે. જેનામાં આ ત્રણેય ગુણો નથી એ નહી ટકે, આ સમય હવે ગીગાબાઈટ્સ માંથી આગળ વધીને ટેરાબાઈટ્સમાં જઈ રહ્યો છે. એનું સ્વરૂપ એકદમ સૂક્ષ્મ અને એનો વ્યાપ એકદમ વિસ્તૃત થઈ રહ્યો છે. એ પ્રમાણે આપણે પણ વિચારોથી, વ્યવહારોથી અતિ સૂક્ષ્મ અને વિસ્તૃત થવું પડશે. નવી નવી વિચારધારાઓ ઘડવી પડશે, આજથી ૨૫ ૩૦ વર્ષ પહેલા કદાચ મોબાઈલની, કોમ્પ્યુટરની કે ઈન્ટરનેટની કોઈને કલ્પના પણ નહોતી. જે આજે બધુ જ છે. આ સમયની ગતિ છે. પરંતુ આપણી વિચારધારા એ જ છે કે બદલાઈ ? એ સવાલ આપણે જ આપણને પૂછવો જોઈએ.

આજનો સમય બે પેઢી વચ્ચેનું અંતર ઘટાડી રહ્યો છે. પૌરાણિક અને શા સ્ત્રોક્ત માન્યતાઓ, ધર્મની વ્યાખ્યાઓ, સંપ્રદાયોની વ્યવસ્થાઓ પારિવારિક ભાવનાઓ આ બધુ બદલાઈ રહ્યું છે. આવા સમયે લાગણી, સંવેદના અને હદયના અન્ય વિભાગોને પણ એની નિશ્ચિત થયેલી લયમાત્રાઓ બદલવી પડે છે. ક્યારેક એણે કરૂણતાને બદલે કઠોરતાનો ભાવ દર્શાવવો પડે છે. સૂર્યને ચન્દ્ર અને ચન્દ્રને સૂર્ય કહેવો પડે છે. અંધકારને પ્રકાશ અને પ્રકાશને અંધકાર સમજવો પડે છે. સમય કોઈના હદયને જોતો નથી. કોઈની સંવેદના એને સ્પર્શતી નથી. એ હંમેશાં નિર્વિકાર છે. કઠોર છે તો પ્રવાહી પણ છે. વહેતો રહે છે. વચ્ચે પહાડો આવે કે ઊંડી ખીણો એના પ્રવાહને કોઈ રોકી શકતું નથી. એના અજવાસને કોઈ ઢાંકી શકતું નથી. એના અંધકારમાંથી કોઈ બહાર આવી શકતું નથી. સમય સર્વવ્યાપી છે. પ્રત્યેક સ્થળે અને વ્યક્તિએ વ્યક્તિએ એનો પ્રભાવ જુદો જુદો હોય છે. સમય એક રસ્તે રઝળતા અજાણ્યા છોકરાને ભારત વર્ષનો સર્વશ્રેષ્ઠ સમ્રાટ ચન્દ્રગુપ્ત પણ બનાવી શકે છે અને રાવણ જેવા શક્તિશાળી, વિદ્વાન અને પ્રભાવી રાજાને મૃત્યુ સુધી પણ લઈ જાય છે.

આજનો સમય જંગલમાં ફરતા ભૂખ્યા હાથી જેવો છે. જો એની સામે આપણે ઘુરકિયા કરીશું કે હોશિયારી કરીશું કે એની સાથે ચેનચાળા કરીશું કે એને ઓળખ્યા જાણ્યા વિના એની શક્તિનો અંદાજ લગાવ્યા વિના એની સામે પડીશું તો એ આપણને કચડી નાખશે. પણ જો એને

અનુસંધાન પાના નં. ૭ પર